सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| મળ્યા તારીખ | ૦૭–૧૧–૨૦૧૯ | | |
| રજિસ્ટરે નોંધ્યા તારીખ | ૦૭–૧૧–૨૦૧૯ | | |
| ફેંસલ કર્યા તારીખ | ૧૪–૦૨–૨૦૨૫ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | |

.....................................................................................

**મહે.૨૩માં એડીશનલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મું.અમદાવાદ શહેર**

.....................................................................................

**ફો.કેસ નં.૯૮૦૮૪/૨૦૧૯**

**આંક:–**

**ફરીયાદી:–** ગુજરાત સરકારશ્રી,

(મુળ ફરીયાદી: અનિતાબેન વા./ઓ. રોહીતસિંગ ક્રિશ્ચન),

**વિરુધ્ધ**

**આરોપી:–** મોહંમદ આરીફ નીઝામુદીન ઘડીયાલી,(ઉ.વ.૨૬),

રહે.મકાન નં.૪, અલહયાત ડુપ્લેક્ષ છીપા કુઈ રોડ, દાણીલીમડા,

અમદાવાદ.

**<u>ગુનો: ઈ.પી.કોડની કલમ–૫૦૭ તથા આઈ.ટી.એકટની કલમ:૬૬(સી), ૬૭ મુજબ.</u>**

| | |
|---|---|
| ફરીયાદ પક્ષે | વિદવાન એ.પી.પી.શ્રી વાય.કે.વ્યાસ |
| આરોપી પક્ષે | વિદવાન વકીલશ્રી એફ.એમ.ઘોરી |

## –:: ચુકાદો ::–

**૧.** ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદીશ્રી પોતાના ઈન્દીરાનગર, નારોલ અમદાવાદ શહેર ખાતે હાજર હતા તે દરમ્યાન ગઈ તા.૧૦/૦૬/૨૦૧૯ થી ગઈ તા.૨૮/૦૮/૨૦૧૯ દરમ્યાન આરોપીએ સોશીયલ મીડીયા ફેસબુક પર પોતાની

પાસે રહેલ મોબાઈલ મારફતે ઈન્ટરનેટનાં માધ્યમથી ફેક પ્રોફાઈલ આઈ.ડી. PriyanshuSopnilKhristi બનાવી તે એકાઉન્ટમાં ફરીયાદીના પરીવાર વિશે બિભત્સ લખાણ લખી તથા સાહેદ નં.૪ મિલ્કાબેન વિશે ખરાબ લખાણ લખી તેઓનો મોબાઈલ નંબર અપલોડ કરી ફરીયાદીના દિકરા રાહુલનું ૨૩ એપ્રિલ ૨૦૧૭ નાં અવસાન થયેલ હોય ફેસબુક પ્રોફાઈલ ઉપર ૨૩ એપ્રિલ ૨૦૧૭ રામ બોલો ભયલા રામ તેમજ રાહુલ પછી હવે મારા બીજા દિકરા રોયલ તથા મારા પતિનો વારો છે તેવી ફરીયાદીનાં પરીવારને મારી નાંખવાની ધમકીઓ આપી પોતાની ઓળખ છુપાવી ફરીયાદીને ખરાબ કોમેન્ટો અને ધમકીઓ આપી બદનામ કરી **ઈ.પી.કોડની કલમ–૫૦૭ તથા આઈ.ટી.એકટની કલમ:૬૬(સી), ૬૭** મુજબ ગુન્હો કરેલ હોવાની ફરીયાદ ફરીયાદીએ સરકારશ્રી તરફે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન, અમદાવાદમાં નોંધાવતા, પોલીસ સ્ટેશનનાં અધિકારીએ ફરીયાદીની ફરીયાદ નોંધી, સદર ફરીયાદ તપાસ કરનાર અમલદારને સુપ્રત કર્યા બાદ, તપાસ કરનાર અમલદારશ્રીએ આરોપી વિરુધ્ધ ફરીયાદનાં અનુસંધાને યોગ્ય તપાસ કરતાં વ્યાજબી અને પુરતો પુરાવો જણાઈ આવતાં અત્રેની અદાલત સમક્ષ ચાર્જસીટ રજુ કરવામાં આવેલ છે.

**૨.** આ કામનાં આરોપી કોર્ટમાં હાજર થતાં પોલીસ તપાસનાં કાગળો મળી ગયાની ખાતરી કરી આરોપી વિરુધ્ધ આંક–૦૪ થી તહોમતનામું ફરમાવી, વાંચી સંભળાવવામાં આવેલ છે, ત્યારબાદ આંક–૦૫ થી પ્લી લેતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા ન્યાયની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે અને ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

**૩.** આ કામે ફરીયાદપક્ષ તરફે પોતાના કેસનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ છે.

**<u>મૌખિક પુરાવા:–</u>**

| | | |
|---|---|---|
| ૧. | ફરીયાદી અનિતાબેન વા./ઓ. રોહીતસિંગ ક્રિશ્યન ની સોંગદ પરની જુબાની | આંક–૦૬ |

**<u>દસ્તાવેજી પુરાવા:–</u>**

| | | |
|---|---|---|
| ૧. | ફરીયાદ | આંક–૦૭ |

| | | |
|---|---|---|
| ૨. | સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં આપેલ લેખીત અરજી | આંક–૦૮ |
| ૩. | ફેસબુક આઈ.ડી.ની માહીતી | આંક–૦૯ |
| ૪. | મુદામાલ રીકવરી પંચનામું | આંક–૧૦ |
| ૫. | ફેસબુક બિઝનેશ રેકર્ડને લગતી માહીતી | આંક–૧૧ |
| ૬. | મુદામાલ એફ.એસ.એલ.માં મોકલેલ તેનો પહોંચ | આંક–૧૨ |

ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૧૩ થી કલોઝીંગ પુરસીસ આપી વધુ પુરાવો આપવા માંગતા ન હોવાનું જણાવેલ હોય ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

**૪.** સદર કામે ફરીયાદપક્ષનો પુરાવો રજુ થઈ જતાં વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો જણાઈ આવતો હોય, આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ છે, જેમાં ફરીયાદપક્ષનો પુરાવો તેમની હાજરીમાં લેવાયેલની હકીકતનો સ્વીકાર કરેલ છે જયારે અન્ય તમામ હકીકતનો ઈનકાર કરેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તરફેનાં વિ.વકીલશ્રીની મૌખિક દલીલ સાંભળી.

**૫.** ઉપરોકત સંજોગોમાં મારા નિર્ણય માટે નીચે મુજબનાં મુદદાઓ ઉપસ્થિત થાય છે.

**– :: મુદ્દા :: –**

**:૧:** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરી શકે છે કે, ફરીયાદીશ્રી પોતાના ઈન્દીરાનગર, નારોલ અમદાવાદ શહેર ખાતે હાજર હતા તે દરમ્યાન ગઈ તા.૧૦/૦૬/૨૦૧૯ થી ગઈ તા.૨૮/૦૮/૨૦૧૯ દરમ્યાન આરોપીએ સોશીયલ મીડીયા ફેસબુક પર પોતાની પાસે રહેલ મોબાઈલ મારફતે ઈન્ટરનેટનાં માધ્યમથી ફેક પ્રોફાઈલ આઈ.ડી. PriyanshuSopnilKhristi બનાવી તે એકાઉન્ટમાં ફરીયાદીના પરીવાર વિશે બિભત્સ લખાણ લખી તથા સાહેદ નં.૪ મિલ્કાબેન વિશે ખરાબ લખાણ લખી તેઓનો મોબાઈલ નંબર અપલોડ કરી ફરીયાદીના દિકરા રાહુલનું ૨૩ એપ્રિલ ૨૦૧૭ નાં અવસાન થયેલ હોય ફેસબુક પ્રોફાઈલ ઉપર ૨૩ એપ્રિલ ૨૦૧૭ રામ બોલો ભચલા રામ તેમજ રાહુલ પછી હવે મારા બીજા દિકરા રોયલ તથા મારા પતિનો વારો છે તેવી ફરીયાદીનાં પરીવારને મારી નાંખવાની ધમકીઓ

આપી પોતાની ઓળખ છુપાવી ફરીયાદીને ખરાબ કોમેન્ટો અને ધમકીઓ આપી બદનામ કરી **ઈ.પી.કોડની કલમ–૫૦૭ તથા આઈ.ટી.એકટની કલમ:૬૬(સી), ૬૭** મુજબ સજાને પાત્ર ગુન્હો કરેલ છે ?

**:૨:** શું હુકમ ?

૬. ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારાં નિર્ણય નીચે મુજબ આપવામાં આવે છે.

૧: નકારમાં,

૨: આખરી હુકમ મુજબ,

**૭.** ઉપરોકત જવાબ અંગેનાં કારણો નીચે મુજબ છે.

**–: કા ર ણો :–**

૮. **મુદા નં.૧ ચર્ચા :–**

ઉપરોકત તમામ હકીકત ધ્યાને લઈએ તો આ કામનાં આરોપી સામે **ઈ.પી.કોડની કલમ–૫૦૭ તથા આઈ.ટી.એકટની કલમ:૬૬(સી), ૬૭** ગુન્હાનો આક્ષેપ છે. આ કામનાં આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષે રહેલ છે. ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાની હકીકત ધ્યાને લેવામાં આવે તો આંક–૦૬ થી ફરીયાદી અનિતાબેન વા./ઓ. રોહીતસિંગ ક્રિશ્યન ને સોંગદ ઉપર તપાસવામાં આવેલ છે. તેમનો પુરાવો વંચાણે લેવામાં આવે તો સદરહું ફરીયાદી તેમનાં પુરાવામાં આંક–૦૭ રજુ થયેલ ફરીયાદમાં તેમની સહી સિવાય ફરીયાદ મુજબની હકીકતોને સમર્થન કરતા ન હોય ફરીયાદપક્ષે હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે તેમજ પરવાનગીથી વિગતવારની ઉલટતપાસ ફરીયાદ મુજબની હકીકતોને સમર્થન કરેલ નથી. તેમજ બચાવપક્ષ ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં મે આ પોસ્ટ ફોટોગ્રાફસ વગેરે જોયેલા નહી. આ મેસેજ કોણે મોકલેલા તે હું કહી શકુ નહી. સામાન્ય રીતે કોઈ પણ વ્યકિતનો મોબાઈલ તેના કુટુંબીજનો અને મિત્રો વાપરતા હોય છે. કયા ફેસબુક આઈ.ડી.થી કોણે પોસ્ટ કરેલી તેની મને ખબર નથી. સમાધાન થઈ ગયેલ હોય મારે આ કેસ આગળ ચલાવવો નથી. તે મુજબની હકીકતો સ્પષ્ટપણે કબુલ કરતા હોય,

ફરીયાદીએ આંક–૦૭ થી રજુ થયેલ ફરીયાદ મુજબની હકીકતો ને ફરીયાદપક્ષે પુરવાર કરવામાં આવેલ નથી. વધુમાં ફરીયાદપક્ષે આંક–૦૮ થી ૧૨ મુજબનાં જુદા જુદા દસ્તાવેજી પુરાવા બચાવપક્ષની સમંતીથી રજુ રાખેલ છે. પરંતુ સદરહુ દસ્તાવેજોને કાયદાનાં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ પુરવાર કરેલ નથી. જેથી સદર દસ્તાવેજો ને માત્ર આંક પડી જવાથી તે પુરવાર થયેલ માની શકાય નહી. વધુમાં ફરીયાદપક્ષે આંક–૧૩ થી કલોઝીંગ પુરસીસ આપવામાં આવેલ હોય, સદરહું કામે ઉપરોકત ફરીયાદી સિવાય અન્ય કોઈ સાહેદને રેકર્ડ ઉપર તપાસવામાં આવેલ નથી. જેથી ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી આ કામનાં આરોપીએ તહોમત મુજબનો ગુન્હો કરેલ હોય તેવી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર લાવવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે તેમ મારુ નમ્રપણે માનવું છે. આમ, આ કામનાં આરોપીએ **ઈ.પી.કોડની કલમ–૫૦૭ તથા આઈ.ટી.એકટની કલમ:૬૬(સી), ૬૭** મુજબ નો ગુનો કરેલ છે તે સાબિત કરવામાં ફરીયાદપક્ષ સદતંર નિષ્ફળ રહેલ હોય, મુદદા નં.૧ નો મારો નિર્ણય 'નકારમાં ' આપી મુદદા નં.ર પરત્વે ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

## –:: <u>આખરી હુકમ</u> ::–

– આ કામનાં આરોપી મોહંમદ આરીફ નીઝામુદીન ઘડીયાલી ને સી.આર.પી.સી. કલમ:૨૪૮(૧) અન્વયે **ઈ.પી.કોડની કલમ–૫૦૭ તથા આઈ.ટી.એકટની કલમ:૬૬(સી), ૬૭** નાં ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

– ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ની કલમ–૪૩૭(એ) મુજબ આરોપીએ રૂ.૫૦૦૦/–(અંકે પાંચ હજાર પુરા)ની રકમનાં જામીન સહીતનો જાતમુચરકો રજુ કરવો.

– મુદામાલ પાવતીમાં દર્શાવેલ મુદામાલ અંગે જો વચગાળાનો હુકમ થયેલ હોય તો તે હુકમ કાયમ કરી અપીલ સમય બાદ તેની શરતો રદ કરવી. જો મુદામાલ અંગે વચગાળાનો કોઈ હુકમ થયેલ ન હોય તો અપીલ સમય બાદ મુદામાલની માલિકીની ખરાઈ તેનાં મુળ માલિકને પરત સોંપવો.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ :૧૪/૦૨/૨૦૨૫
અમદાવાદ.

(મનીષ વી.ચૌહાણ)
૨૩માં એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૧, અમદાવાદ સીટી
જજ કોડ નં. જીજે૦૧૦૧૫.

**LALJI(P.A.)**